RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 221 * Date: 03.6.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ઈબોલા વાઈરસ અંગે કેન્દ્ર સરકારની એડવાઈઝરી જાહેર




આફ્રિકાના કેટલાક ભાગોમાં ઈબોલા વાઈરસના નવા કેસો સામે આવ્યા બાદ ભારત સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા મંગળવારે આ અંગે એક પબ્લિક હેલ્થ એડવાઈઝરી એટલે કે આરોગ્ય માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સ્પષ્ટતા કરી છે કે દેશમાં હાલ ઈબોલાનો એક પણ કેસ નોંધાયો નથી, પરંતુ તકેદારીના ભાગરૂપે આ એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે. ખાસ કરીને હાલમાં ઈબોલા પ્રભાવિત દેશોની મુસાફરી કરીને પરત ફરેલા લોકોને વધુ સાવધ રહેવા અને લક્ષણો દેખાય તો તુરંત જાણ કરવા અપીલ કરાઈ છે.

આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, જે વ્યક્તિઓએ છેલ્લા ૨૧ દિવસમાં ઈબોલા પ્રભાવિત દેશોનો પ્રવાસ કર્યો હોય અથવા ત્યાંથી ટ્રાન્ઝિટ એટલે કે પસાર થયા હોય, તેમણે પોતાના સ્વાસ્થ્ય પર ખાસ નજર રાખવી જરૂરી છે. જો આ સમયગાળા દરમિયાન તાવ, માથાનો દુખાવો, અસહ્ય સ્નાયુઓનો દુખાવો, ઊલટી, ઝાડા અથવા શરીરમાંથી અચાનક લોહી નીકળવા જેવા લક્ષણો દેખાય, તો ગભરાયા વગર તરત જ પોતાની જાતને આઈસોલેટ કરી લેવી જોઈએ અને સ્થાનિક આરોગ્ય તંત્રને જાણ કરવી જોઈએ.

મંત્રાલયે લક્ષણોની વહેલી જાણ કરવા પર ભાર મૂકતા કહ્યું છે કે, સમયસર લેવાયેલા પગલાં દર્દીનો જીવ બચાવી શકે છે અને રોગચાળાને ફેલાતો અટકાવવામાં મદદરૂપ સાબિત થાય છે. કોઈપણ પ્રકારની માહિતી કે તાત્કાલિક સહાય માટે સરકારે ૨૪ કલાક કાર્યરત હેલ્પલાઈન નંબર ૧૦૭૫ પણ જાહેર કર્યો છે, જેના પર નાગરિકો સંપર્ક કરી શકે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (ઉૐ) ના જણાવ્યા અનુસાર, ઈબોલા એક અત્યંત ગંભીર અને જીવલેણ રોગ છે. ભૂતકાળના આંકડા જોઈએ તો આ બીમારીમાં મૃત્યુદર સરેરાશ ૫૦ ટકા જેટલો રહ્યો છે, જે કેટલાક કિસ્સાઓમાં ૨૫ થી લઈને ૯૦ ટકા સુધી પણ પહોંચી શકે છે. આ વાઈરસ સંક્રમિત વ્યક્તિ અથવા પ્રાણીના લોહી, લાળ કે અન્ય શારીરિક પ્રવાહીના સીધા સંપર્કમાં આવવાથી ફેલાય છે. નિષ્ણાતોના મતે, આ વાઈરસનો ઈન્ક્યુબેશન પિરિયડ (લક્ષણો દેખાવાનો સમય) મહત્તમ ૨૧ દિવસનો હોવાથી, વિદેશથી આવતા મુસાફરો માટે આ ૨૧ દિવસની દેખરેખ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

## લેબેનોનમાં ભીષણ યુદ્ધના ભણકારા? ટ્રમ્પના શાંતિના દાવા પછી પણ ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ભારે તણાવ!

મિડલ ઈસ્ટમાં સતત શાંતિ વાટાઘાટો છતાં ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે સંઘર્ષ વધી રહ્યો છે. આજે જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ઈઝરાયલ અને લેબેનોન એકબીજા પર હુમલા નહીં કરે પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. ટ્રમ્પના દાવા મુજબ, હિઝબુલ્લાહે હુમલા ન કરવાનું વચન આપ્યું છે અને ઈઝરાયલ બેરૂત પરના હુમલા અટકાવવા સહમત થયું છે. તેમ છતાં, દક્ષિણ લેબનાનમાં સૈન્ય




કાર્યવાહી હજુ પણ ચાલુ છે.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સ્પષ્ટ કર્યું છે કે સૈન્ય કાર્યવાહી ચાલુ રહેશે. ઈઝરાયલની સેના દક્ષિણ લેબેનોનમાં ઝાહરાની નદી તરફ આગળ વધી રહ્યા છે, જે છેલ્લા ૨૫ વર્ષમાં તેમનું સૌથી મોટું આક્રમણ છે. નેતન્યાહુના નિવેદનમાં ક્યાંય સીઝફાયરનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આટલું જ નહી ટૂંક સમયમાં જ અમેરિકાના વોશિંગ્ટનમાં ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે વાટાઘાટોનો ચોથો રાઉન્ડ યોજાવાનો છે. આ સંવાદ શાંતિ તરફ દોરી જશે કે તણાવમાં વધારો કરશે તે જોવું રહ્યું.

## ભાજપ છોડવાની અટકળો વચ્ચે અન્નામલાઈની દિલ્હીમાં દોડધામ, દિગ્ગજો સાથે મુલાકાતમાં મળી રાજ્યસભાની ઓફર

તમિલનાડુના ભાજપના પૂર્વ પ્રમુખ કે. અન્નામલાઈને લઈને છેલ્લા કેટલાક સમયથી રાજકીય અટકળોનું બજાર ગરમ છે. પાર્ટી છોડવાની કે પોતાની નવી પાર્ટી બનાવવાની ચર્ચાઓ વચ્ચે, અન્નામલાઈએ દિલ્હીમાં ભાજપના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરી છે. આ મુલાકાત બાદ તેમના આગામી રાજકીય ડગલાં શું હશે, તે અંગે અનેક પ્રકારના તર્ક-વિતર્ક લગાવવામાં આવી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અન્નામલાઈએ રાષ્ટ્રીય મુખ્યાલય ખાતે પાર્ટી પ્રમુખ નિતિન નવીન અને સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ સાથે મહત્વપૂર્ણ બેઠક કરી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ તેમના નવા રોલ અને રાજકીય ભવિષ્ય વિશે ચર્ચા કરવાનો હતો. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે તેઓ પોતાની દિલ્હી યાત્રા દરમિયાન પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે પણ મુલાકાત કરી શકે છે.

એવી પણ ચર્ચાઓ હતી કે ભાજપ હાઈકમાન્ડે અન્નામલાઈને રાજ્યસભાની સીટની ઓફર કરી હતી, જે તેમણે ઠુકરાવી દીધી હતી. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. દિલ્હી જવા રવાના થતા પહેલા, અન્નામલાઈએ તમામ



અટકળો પર વિસ્તૃત ટિપ્પણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે, થોડી રાહ જુઓ, બે દિવસ પછી બેસીને વાત કરીશું.અન્નામલાઈનું 'બે દિવસ રાહ જુઓ' વાળું નિવેદન એ વાતનો સંકેત આપે છે કે ટૂંક સમયમાં જ કોઈ મોટી રાજકીય જાહેરાત થઈ શકે છે. શું અન્નામલાઈ ભાજપમાં જ કોઈ નવી ભૂમિકા સ્વીકારશે કે પછી તેઓ સંપૂર્ણપણે અલગ રસ્તો પસંદ કરશે? તે તો આવનારા સમયમાં જ સ્પષ્ટ થશે. સમગ્ર તમિલનાડુ અને રાષ્ટ્રીય રાજકારણની નજર હવે અન્નામલાઈના આગામી નિર્ણય પર ટકેલી છે.

## હાથ-પગ કાપો તો જ લોકો કાયદો માનશે...' દુષ્કર્મના આરોપીની જામીન અરજી ફગાવતા કર્ણાટક હાઈકોર્ટની ટિપ્પણી

'જો તમે હાથ કે પગ કાપી નાખો, તો કદાચ લોકો કાયદાનું પાલન કરશે...' કર્ણાટક હાઈકોર્ટે એક દુષ્કર્મના આરોપી ૨૩ વર્ષીય એન્જિનિયરિંગ વિદ્યાર્થીની જામીન અરજી ફગાવી દેતા આ ચોંકાવનારી ટિપ્પણી કરી હતી. હાઈકોર્ટના જસ્ટિસ આર. નટરાજની સિંગલ બેન્ચે જણાવ્યું હતું કે, ગુના સામે કડક સજા જ એક અસરકારક સાધન તરીકે કામ કરી શકે છે. પશ્ચિમ એશિયાના દેશોનો ઉલ્લેખ કરતા તેમમે કહ્યું કે 'ત્યાં કડક સજાના ડરને કારણે લોકો કાયદાનું પાલન કરે છે, જ્યારે આપણા દેશમાં લોકશાહી હોવાને કારણે લોકો કાયદાને ટેકન ફોર ગ્રાન્ટેડ લઈ રહ્યા છે.'

આ દરમિયાન જસ્ટિસ આર. નટરાજે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, 'આપણા દેશની સમસ્યા એ છે કે લો હેઝ લોસ્ટ ઈટ્સ ટીથ. (કાયદાએ પોતાના દાંત ગુમાવી દીધા છે) આપણે ગુનેગારો સામે કડક હાથે કામ લેતા નથી, તેથી જ ગુનો કરવો ખૂબ જ સરળ બની ગયો છે. લોકશાહી અને કાયદાનું શાસન હોવા છતાં, ગુનેગારો કોઈ પણ જાતના સંકોચ વિના વારંવાર ગુના આચરે છે અને કાયદાકીય છટકબારીઓ તેમજ રક્ષણનો દુરુપયોગ કરે છે. ગુનાખોરી ડામવા માટે સજાનો ભય હોવો અનિવાર્ય છે.

દુષ્કર્મના આરોપી વિદ્યાર્થી ગોપી રેડ્ડી કાર્તિક રેડ્ડી વતી હાજર વકીલે દલીલ કરી હતી કે 'આરોપી ગત ૫ એપ્રિલથી એટલે કે લગભગ બે મહિનાથી જેલમાં છે. આ ઘટના સપ્ટેમ્બર ૨૦૨૩ની છે (જેને આશરે ૩ વર્ષ જેટલો સમય થઈ ગયો છે) અને



લાંબો સમય જેલમાં રહેવાથી વિદ્યાર્થીના શૈક્ષણિક અને વ્યાવસાયિક ભવિષ્ય પર ખરાબ અસર પડી રહી છે.' આ દલીલો સામે આકરો પ્રહાર કરતા જસ્ટિસ નટરાજે કહ્યું કે, 'જો તમે મીઠું (સોલ્ટ) ખાધું છે, તો તમારે પાણી પીવું જ પડશે. તેને હજી ૪-૫ દિવસ જેલમાં રહેવા દો, જેથી જેલની આદત પડી જાય. કોને ખબર, જો ભવિષ્યમાં સજા થશે તો તમારે પાછા જેલમાં જ રહેવું પડશે.'

આરોપી વિદ્યાર્થી મણિપાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીનો વિદ્યાર્થી છે. પીડિતા તેની ક્લાસમેટ હતી. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ આરોપી સંબંધોની ચર્ચા કરવાના બહાને પીડિતાને એક એપાર્ટમેન્ટમાં લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાને કારણે પીડિતા ભારે આઘાત અને ડિપ્રેશનમાં સરી પડી હતી, જેની સારવાર કેએમસી મણિપાલમાં ચાલી હતી. બાદમાં પીડિતાએ રાષ્ટ્રીય મહિલા આયોગનો સંપર્ક કર્યો હતો, જેના પગલે ઉડુપી મહિલા પોલીસ સ્ટેશનમાં ઈન્ડિયન પીનલ કોડ કલમ ૩૭૫(હ્ર) અને ૩૭૬ (નવા કાયદા ભારતીય ન્યાય સંહિતા પ્રમાણે કલમ ૬૩ અને ૬૪) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

અગાઉ ૧૪ મે ૨૦૨૬ના રોજ ઉડુપીની પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી, જેને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. કર્ણાટક હાઈકોર્ટે હાલમાં આરોપીને કોઈ તાત્કાલિક રાહત આપી નથી અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે. આ કેસની આગામી સુનાવણી જૂન ૮ ના રોજ નિયત કરાઈ છે.

## અમેરિકામાં એકસાથે ૩૦ ભારતીયોની ધરપકડ, ટૂંક સમયમાં થશે દેશનિકાલ! કારણ ચોંકાવનારું

અમેરિકામાં વસતા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ અને ખાસ કરીને કમર્શિયલ ડ્રાઈવરો સામે વહીવટીતંત્ર હવે કડક બન્યું છે. યુએસ બોર્ડર પેટ્રોલ એજન્ટોએ એરિઝોનાના યુમા સેક્ટરમાં 'ઓપરેશન ચેકમેટ' હેઠળ કાર્યવાહી કરીને કુલ ૫૨ લોકોની ધરપકડ કરી છે, જેમાં ૩૦ ભારતીય ટ્રક ડ્રાઈવરોનો સમાવેશ થાય છે.યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનના જણાવ્યા અનુસાર, આ ધરપકડ ૧૧થી ૧૫ મે દરમિયાન કરવામાં આવી હતી. આ ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય એવા કમર્શિયલ મોટર વ્હીકલ ઓપરેટરોને પકડવાનો છે, જેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહી રહ્યા છે અને ડ્રાઈવિંગ કરી રહ્યા છે.મહત્વનો ખુલાસો: મોટાભાગના ડ્રાઈવરો પાસે 'એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ્સ' (ઈછઙ) હતા, જે જો બાઈડેન વહીવટીતંત્ર દરમિયાન મેળવવામાં આવ્યા હતા, પરંતુ હવે તે માન્ય રહ્યા નથી.યુએસ બોર્ડર પેટ્રોલના એક્ટિંગ ચીફ પેટ્રોલીંગ એજન્ટ ડસ્ટિન ડબલ્યુ. કોડલેએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહીનો હેતુ જાહેર સુરક્ષાને સુરક્ષિત રાખવાનો અને અયોગ્ય ડ્રાઈવરો દ્વારા થતા જીવલેણ અકસ્માતોને રોકવાનો છે. તમામ વ્યક્તિઓ સામે ફેડરલ કાયદા મુજબ પ્રક્રિયા કરીને તેમને દેશનિકાલ કરવામાં આવશે.ઓક્ટોબર ૨૦૨૫: જશનપ્રીત સિંહ નામના ડ્રાઈવરે કેલિફોર્નિયામાં નશાની હાલતમાં ટ્રક હંકારીને જેંફ ને ટક્કર મારતા ૩ લોકોના મોત થયા હતા.

## કરાચીના ક્લિફ્ટન રોડ પરથી ભારત વિરુદ્ધ ષડ્યંત્ર રચે છે દાઉદ

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની સિન્ડિકેટ દ્વારા ચલાવવામાં આવી રહેલા એક મોટા આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પોલીસ દ્વારા આ મામલે આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેઓ દિલ્હી અને મુંબઈમાં મોટા હુમલા કરવાની યોજના બનાવી રહ્યા હતા. પકડાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન એક મહત્વનો ખુલાસો થયો છે કે, કરાચીનો ક્લિફ્ટન રોડ વિસ્તાર હજુ પણ કુખ્યાત ડોન દાઉદ ઈબ્રાહિમ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બનેલો છે.

આરોપીઓએ પોલીસ સમક્ષ કબૂલાત કરી છે કે તેઓ મુખ્યત્વે દાઉદ ઈબ્રાહિમના અત્યંત નજીકના અને ખાસ સાથીદાર મુદસ્સર હુસૈન સૈયદ ઉર્ફે મુન્ના ઝિંગાડાના સંપર્કમાં હતા. એક અધિકારીએ જણાવ્યું કે, આ સમગ્ર ઓપરેશન કરાચીના ક્લિફ્ટન રોડ વિસ્તારમાંથી ઓપરેટ કરવામાં આવી રહ્યું હતું, જે સાબિત કરે છે કે દાઉદ ઈબ્રાહિમ આજે પણ ત્યાં જ



વસવાટ કરી રહ્યો છે.

આ સરનામું દાઉદનું સૌથી જાણીતું ઠેકાણું છે અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીં જીેં તેને ત્યાં જ રાખે છે, કારણ કે તે તેના માટે સૌથી સુરક્ષિત જગ્યા છે. જો કે પાકિસ્તાનમાં દાઉદ પાસે અન્ય પણ ઘણા સરનામા છે, પરંતુ કોઈપણ મોટા ઓપરેશનને અંજામ આપવા માટે તે કરાચીથી જ કામ કરે છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, કરાચીમાં દાઉદના કુલ પાંચ સરનામા છે. તેનું મુખ્ય ઘર ક્લિફ્ટનમાં સાઉદી મસ્જિદ પાસે આવેલું છે. આ સિવાય ડિફેન્સ હાઉસિંગ ઓથોરિટી, નૂરબાદ વિસ્તાર અને ૬૧૭ ઝ બેરાર સોસાયટીમાં પણ તેની મિલકતો છે. વાસ્તવમાં, ક્લિફ્ટન વિસ્તારમાં જ તેની પાસે બે અલગ-અલગ મકાનો છે.તપાસમાં સામે આવ્યું છે કે દાઉદના તમામ નજીકના સાથીદારો પણ તેની આસપાસના વિસ્તારમાં જ રહે છે. ભારતમાં ડ્રગ્સની હેરાફેરી અથવા આતંકી મોડ્યુલ તૈયાર કરવા જેવી તમામ ગેરકાયદે પ્રવૃત્તિઓનું મોનિટરિંગ કરાચીના ક્લિફ્ટન વિસ્તારની સાઉદી મસ્જિદ નજીકથી જ કરવામાં આવે છે.ભૂતકાળમાં 'ઓપરેશન સિંદૂર' પછી એવા રિપોર્ટ આવ્યા હતા કે દાઉદ ઈબ્રાહિમને ત્યાંથી ખસેડવામાં આવ્યો છે. ઈન્ટેલિજન્સ બ્યુરો (ૈંમ્) ના એક અધિકારીએ જણાવ્યું કે ભારતીય સશસ્ત્ર દળોના સંભવિત હુમલાથી બચવા માટે તેને થોડા સમય માટે તેના પાંચ સરનામા પર ફેરવવામાં આવ્યો

## તંત્રી લેખ

# ડેબિટ કાર્ડસ વ્યવહારમાં ૪૦ ટકાથી વધુ ઘટાડો

મુંબઈ : દેશમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) વ્યવસ્થાના આગમન સાથે ડેબિટ કાર્ડના વપરાશમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા પ્રમાણે છેલ્લા બે નાણાં વર્ષમાં ડેબિટ કાર્ડના વપરાશમાં ૪૦ ટકાથી વધુ ઘટાડો થયો છે જ્યારે યુપીઆઈ વ્યવહારમાં ૮૦ ટકાથી વધુ વધારો જોવા મળ્યો છે.

યુપીઆઈ વપરાશમાં સરળ અને ઝડપી હોવાથી બેન્ક ખાતેદારો હવે ડેબિટ કાર્ડની સરખામણીએ તેના વપરાશને પ્રાધાન્ય આપી રહ્યા છે. રિઝર્વ બેન્કના નાણાં વર્ષ ૨૦૨૬ના વાર્ષિક રિપોર્ટ પ્રમાણે ડેબિટ કાર્ડસ વ્યવહારની સંખ્યા જે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨૮૬૦ લાખ હતી તે ૨૦૨૪-૨૫માં ઘટી ૧૬૧૨૦ લાખ અને ૨૦૨૫-૨૬માં ૧૨૮૦૨ લાખ પર આવી ગઈ હતી. આમ બે વર્ષમાં ડેબિટ કાર્ડ વ્યવહારમાં ૪૪ ટકા ઘટાડો નોંધાયો છે.

બીજી બાજુ આ સમયગાળામાં યુપીઆઈ મારફતના ટ્રાન્ઝકશન્સની સંખ્યા ૧૩,૧૧,૨૯૫ લાખ પરથી વધી ૨૪,૧૬,૧૬૯ લાખ પર પહોંચી ગઈ છે, જે ૮૪ ટકાનો વધારો દર્શાવે છે. મોટાભાગના ઉપભોગતાઓ પોતાના વિવિધ બિલ્સની ચૂકવણી માટે યુપીઆઈનો જ વપરાશ કરી રહ્યા છે, જેને પરિણામે ડેબિટ કાર્ડ સ્વાઈપ અથવા ટેપ કરવાની જરૂરિયાત ઘટી ગઈ છે, એમ રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.હવે ડેબિટ કાર્ડનો ઉપયોગ પોઈન્ટ ઓફ સેલ ખરીદી માટે ખાસ થતો નથી.

# 'ભ્રામક સ્તરના નિષ્ણાત': બિલાવલ ભુટ્ટોના 'મેડ ઈન પાકિસ્તાન' સંરક્ષણ ઉત્પાદનોના કોલને ઓનલાઈન ટ્રોલ કરવામાં આવ્યો

ઈસ્લામાબાદ,

તાજેતરમાં બિલાવલ ભુટ્ટો ઝરદારીએ પાડોશી દેશને સંરક્ષણ ક્ષેત્રમાં પડકારવા માટે 'મેડ ઈન પાકિસ્તાન' સંરક્ષણ ઉત્પાદનોની હાકલ કર્યા પછી પાકિસ્તાનમાં ભારતની નકલ કરવાનો જુસ્સો ફરી જોવા મળ્યો.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) ના અધ્યક્ષ બિલાવલ કરાચીમાં એક સભાને સંબોધિત કરી રહ્યા હતા, જ્યાં તેમણે કહ્યું હતું કે વિશ્વભરના દેશો, ખાસ કરીને મધ્ય પૂર્વ, તેમની સંરક્ષણ જરૂરિયાતોને વૈવિધ્યીકરણ કરવા માંગે છે.

તેમણે કહ્યું કે પાકિસ્તાન ચોક્કસપણે આ માટે તૈયાર છે, જ્યારે દાવો કર્યો હતો કે 'મેડ ઈન પાકિસ્તાન' ઉપકરણોની સંરક્ષણ બજારમાં માંગ છે. બિલાવલના સંબોધનનો એક તારીખ વિનાનો વિડીયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જ્યાં તેઓ કરાચીમાં સંરક્ષણ ઔદ્યોગિક હબ બનાવવાનું વચન આપતા જોઈ શકાય છે.

×બજારમાં માંગ 'મેડ ઈન ઈન્ડિયા' વિશે નથી પરંતુ 'મેડ ઈન પાકિસ્તાન' માટે છે. અને જો ભગવાન ઈચ્છે તો, કરાચીના સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્ર... અમે ચોક્કસપણે પોતાને સુરક્ષિત કરવા માટે શક્ય તેટલું બધું કરીશું. અમે તે દરેક કિંમતે કરીશું,× ભૂતપૂર્વ પાકિસ્તાન મંત્રીએ વાયરલ વિડીયોમાં કહ્યું.

×સમગ્ર મધ્ય પૂર્વ તેની સંરક્ષણ જરૂરિયાતોને વૈવિધ્યીકરણ કરવા માંગે છે. યુરોપિયનો પણ તે કરવા માંગે છે. તેઓ ફક્ત એક જ રાષ્ટ્ર પર નિર્ભર રહેવા માંગતા નથી. અમે ચોક્કસપણે કરાચીમાં 'મેડ ઈન પાકિસ્તાન' સંરક્ષણ ઉત્પાદનોનું નિર્માણ કરીશું. આનાથી પાકિસ્તાનને ભારે ફાયદો થશે,× તેમણે ઉમેર્યું.

જોકે, બિલાવલને તેમના 'મેડ ઈન પાકિસ્તાન' સંરક્ષણ ઉત્પાદનોના કોલ માટે ટ્રોલ કરવામાં આવ્યા, ઠ (અગાઉ ટ્વિટર) પર ઘણા વપરાશકર્તાઓએ પીપીપી અધ્યક્ષને પડોશી દેશની સંઘર્ષશીલ અર્થવ્યવસ્થા વિશે પ્રકાશિત કર્યા. વપરાશકર્તાઓએ પાકિસ્તાનને 'નિષ્ફળ રાજ્ય' ગણાવ્યું અને નોંધ્યું કે ઈસ્લામાબાદ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (ૈંસ્હ્લ) દ્વારા બેલઆઉટ પર આધાર રાખવાનું ચાલુ રાખે છે.

પાકિસ્તાનના આંકડા બ્યુરો અનુસાર, ત્યાં ફુગાવો સૌથી વધુ છે. તેના દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા દર્શાવે છે કે પાકિસ્તાનમાં ગ્રાહક ભાવ સૂચકાંક વધીને ૧૧.૭ ટકા થયો છે. જોકે, આ મોટે ભાગે મધ્ય પૂર્વમાં યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) અને ઈરાન વચ્ચેના સંઘર્ષ સાથે સંકળાયેલા પરિબળો દ્વારા પ્રેરિત છે.

આ હોવા છતાં, પાકિસ્તાને આતંકવાદને ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે અને આતંકવાદ અને માનવાધિકાર ઉલ્લંઘન પરના તેના રેકોર્ડને ×છૂપાવવા× માટે યુએસમાં લોબિંગ કંપનીઓમાં લાખો ડોલર ખર્ચ કરી રહ્યું છે. ભૂતપૂર્વ રાજદ્વારી મહેશ સચદેવે મીડિયા સૂત્રોને જણાવ્યું હતું કે, ×ભયંકર આર્થિક સંકટમાં હોવા છતાં અને ગલ્ફ દાતાઓ, ૈંસ્હ્લ અને વિશ્વ બેંકના ભથ્થા પર ટકી રહેવા છતાં, પાકિસ્તાને યુનાઈટેડ સ્ટેટ્સમાં તેના રાજદ્વારીઓ માટે દરવાજા ખોલવા માટે પ્રચાર પર નોંધપાત્ર ખર્ચ કરવાનું પસંદ કર્યું છે.×

# " ઉર્જા ક્ષેત્રે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ના વહીવટી તંત્રની આપખુદ અને સરમુખત્યાર નીતિ રીતિ મુજબછઠ્ઠી વખત ચેક ઓફ ની મુદતમાં વધારા સામે ગુજરાત વિદ્યુત શ્રમિક સંઘનો સખત વિરોધઅને કંપનીના કર્મચારીઓમાંભારેરોશની લાગણી પ્રવર્તે છે.અને મજુર સંગઠનોનો અક્રોશ"

ઉર્જા ક્ષેત્રે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ના વહીવટી તંત્રની આપખુદ અને સરમુખત્યાર નીતિ રીતિ સામે કંપનીના કર્મચારીઓમાં ભારે રોશની લાગણી પ્રવર્તે છે.અને મજુર સંગઠનો એ આક્રોશ વ્યક્ત કર્યો છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા શ્રમ કાયદા મુજબ શ્રમ વિભાગમાં ઉર્જા ક્ષેત્રે રજીસ્ટર અને કામ કરતા સંગઠનોની માન્યતા માટે દર બે વર્ષે ચેક ઓફ પધ્ધતિ દ્વારા સભ્ય બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે જે એક પ્રકારની ચૂંટણી પ્રક્રિયા છે. આપ્રથા જીયુવીએનએલ દ્વારા જીઈબીના કંપનીકરણ બાદ વર્ષ ૨૦૦૪ થી લાગુ કરવામાં આવેલ છે.જે છેલ્લે મે- ૨૦૨૨ માં હાથ ધરવામાં આવેલ અને તારીખ ૩/૫/૨૦૨૨ થી ૨ /૫/ ૨૦૨૪ સુધી જે તે સંગઠનોને જીયુવિએનએલ સંલગ્ન અલગ અલગ કંપનીઓમાં નિયમ મુજબ ૧૫% મેમ્બર શીપ ધરાવતા સંગઠનોને બે વર્ષ માટે માન્યતા આપવામાં આવેલ. જેની મુદત તારીખ ૨/૫/૨૦૨૪ ના રોજ પૂરી થઈ ગયેલી છે એટલે કે ૨/૫/૨૦૨૪ના રોજ બધા જ માન્ય સંગઠનો ની માન્યતા પૂર્ણ થયેલ છે. આમ છતાં તા.૨/૫/૨૦૨૪ થી ૧/૬/૨૦૨૬ એટલે કે બીજા બે વર્ષ કરતા વધારે સમયથી એક યા બીજા પ્રકારે એક મોટા સંગઠન અને મેનેજમેન્ટની વરસોથી મિલી ભગતને ઈશારે ચેક ઓફ ની નવીન પ્રક્રીયા હાથ ધરવા ને બદલે દલા તરવાડી ની વાડી ના નીયમોનુસાર વારા ફરતી કુલ ૫ વખત એકટન્શન આપીને તા.૩૦/૧૧/૨૬ સુધી ફરી એક વાર માન્યતાના લાભો ભોગવવા છઠ્ઠી વખત એક્ટન્શન આપવામાં આવ્યું છે.જેનો

ગુજરાત વિધુત શ્રમિક સંઘ સખત વિરોધ કરે છે અને આ અંગે ગુજરાત વિદ્યુત શ્રમિક સંઘ સંલગ્ન ભારતીય મજદુર સંઘ દ્વારા ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ રાજ્યકક્ષાના ઉર્જા મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા તથાજીયુવિએનએલ એમડી શ્રી તથા જીયુવિએનએલ એચ આર નું ગુજરાત વિદ્યુત શ્રમિક સંઘ ના પ્રમુખ, મહામંત્રી અને ભારતીય મજદુર સંઘના પ્રમુખ,મહામંત્રી વિધુત પ્રભારી દ્વારા દરેક એક્સટેન્શન વખતે ધ્યાન દોરવામાં આવેલ છે એટલુંજ નહી બીએમએસની તા.૧૦ નવેમ્બરની રેલીમાં પણ ઉર્જા વિભાગનો આ મુદ્દો પ્રમુખ હતો તેમ છતાં કોઈ એક સંગઠન અને મેનેજમેન્ટ ની સાઠ ગાંઠ ના કારણે ઉર્જા ક્ષેત્રે વર્ષ ૨૦૦૪ થી જીઈબી ના કંપનીઓમાં વિભાજીત બન્યા પછી ઈતિહાસ માં પહેલી વખત પોતાનાજ નીયમોને ઘોળીને પી જવામાં આવેલ છે જે કર્મચારીઓને કોઈ એક સંગઠનના ગુલામ બનાવી રાખવાની મેનેજમેન્ટ ની મેલી મુરાદ ઉજાગર કરે છે. ભારત જેવા લોકશાહી દેશમાં

કોઈપણ ચૂંટણી હોય લોકસભાની, ધારા સભાની હોય કે પછી કોર્પોરેશનની હોય તેની મુદત પૂર્ણ થાય ત્યારે ત્યાં રાષ્ટ્રપતિ શાસન અથવા તો વહીવટદારો મૂકવામાં આવેછે પણ કોઈપણ સંજોગોમાં તેની મુદત પૂર્ણ થયા પછી તેમનું શાસન ચાલુ રહેતું નથી તેવી સ્પષ્ટ દેશના બંધારણમાં જોગવાઈ છે.પરંતુ જીયુવિએનએલ દેશના બંધારણ કે લેબર કાયદાથી તે પોતે પોતાની જાતને ઉપર હોય તેમ માની રહ્યા છે જે તેમના થકી માન્યતા પ્રાપ્ત સંગઠનો મુદત પૂરી થયા ને બે વર્ષ કરતા વધારે સમય થયો છે છતાં જે તે સંગઠનોની માન્ય બોડી તેના લાભા લાભો ઉઠાવી કર્મચારીઓને ગુલામીમાં કચડી રહી છે.

આવા એક તરફી અને બીન કાયદેસર મુદત વધારા ના લીધે ર્પેંફ્દ્ગ સંલગ્ન કંપનીઓના કર્મચારી સંગઠનોમાં વ્યાપક અસંતોષ અને આક્રોશની લાગણી પ્રવર્તે છે. અગાઉ કંપનીના માન્ય છ સંગઠનોએ ગુજરાત હાઈકોર્ટ માં પિટિશન દાખલ કરી જીયુવીએનએલમાં ચેકઓફકે જેનો કોઈ બંધારણીય આધાર નથી તેવી પ્રથાને બદલે મજુર સંગઠનોની માન્યતા માટે બેલેટથી મતદાનની માંગણી કરેલ છે તેનો અંશત ચુકાદો તેમની તરફેણમાં આવેલ હોવા છતાં મેનેજમેન્ટ તેનો અમલ કરવાનું આજ સુધી ટાળી રહ્યું છે.

આ અંગે ગુજરાત વિદ્યુત શ્રમિક સંઘ સંલગ્ન ભારતીય મજદુર સંઘ ની માગણી છે કે છઠ્ઠી વખત મુદત વધારો આપવામાં આવેલ છે તે તાત્કાલિક રદ કરે અને માન્યતા માટે જ્યાં સુધી નવા મજુર કાયદા મુજબની પ્રથા અમલમાં ન મુકાય ત્યાં સુધી દરેક રજીસ્ટર યુનિયન ને માન્ય ગણવા અથવા એક પણ સંગઠનને માન્ય ગણવા નહીં અને સામાન્ય મજદૂર સંગઠન તરીકે જ દરેક યુનિયન ની રજૂઆતો સાંભળવી તે મુજબનો પરિપત્ર તાત્કાલિક કરવાની માગણી કરે છે અને જો આમ નહીં કરવામાં આવે તો ગુજરાત વિદ્યુત શ્રમિક સંઘ ભારતીય મજદૂર સંઘના માર્ગદર્શન મુજબ આંદોલનાત્મક અને કાયદાકી લડાઈ લડશે તેમ ગુજરાત વિદ્યુત શ્રમિક સંઘની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ગાંધીનગર શાખાનો ૧૨માં વર્ષમાં ભવ્ય મંગલ પ્રવેશ મહોત્સવ સંપન્ન




નાના માણસની મોટી બેંક" એટલે કે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ગાંધીનગર શાખાનો ૧૨માં વર્ષનો મંગલ પ્રવેશ મહોત્સવ સેક્ટર-૨૧ સ્થિત બ્રાન્ચ પરિસર ખાતે ખૂબ જ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે દિવસભર બેંકમાં પધારેલા તમામ આદરણીય ખાતેદારો, ગ્રાહકો અને સભાસદોનું મીઠાઈથી મોં મીઠું કરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શાખા મેનેજર રિધ્ધીબેન શાહ અને કમિટી મેમ્બર સુરેખાબેન પટેલના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી શ્રી ગણેશ પૂજન તેમજ શ્રી ભારત માતાના પવિત્ર પૂજન-આરતીથી થઈ હતી. આ અવસરે દુબઈથી સ્ટાફ રૈનાબેન પોબારી તેમજ રાજકોટથી બોર્ડ ઓફ ડિરેક્ટરના ચેરમેન શ્રી દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન શ્રી જીવણભાઈ પટેલ દ્વારા મોકલવામાં આવેલા શુભેચ્છા સંદેશાનું ગૌરવભેર વાંચન કરવામાં આવ્યું હતું.

શાખા પ્રબંધક (મેનેજર) રિધ્ધીબેન શાહ દ્વારા તમામ આમંત્રિતો અને ગ્રાહકોનું ભાવભર્યું સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. શાખા વિકાસ સમિતિના અધ્યક્ષ ડૉ. ભરતભાઈ જૈને પોતાના જન્મદિને વડીલોના હસ્તે મળેલા સન્માન બદલ અહોભાગ્યની લાગણી વ્યક્ત કરી હતી. આ સાથે જ શાખા વિકાસ સમિતિના સન્માનનીય સભ્ય શ્રી પંકજભાઈ ચુડાસમાનો આજરોજ જન્મદિવસ હોઈ, તેમને બેંકના પ્રભારી ડિરેક્ટર શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, શ્રી હરેશભાઈ ઠક્કર અને અમદાવાદ શાખા વિકાસ સમિતિના અધ્યક્ષ શ્રી પ્રદીપભાઈ જૈનના વરદ હસ્તે જન્મદિવસનું ગૌરવપૂર્ણ શુભેચ્છા કાર્ડ અને ગિફ્ટ આપીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ત્યારબાદ ડૉ. ભરતભાઈ જૈને બેંકની ભાડાના મકાનથી શરૂ કરીને સ્વ-ભવન (માલિકીના મકાન) સુધીની સફળ યાત્રાનો ઉલ્લેખ કરી, ગાંધીનગર જેવા સરકારી નગરમાં અનેક બેંકો વચ્ચે રિયલ બિઝનેસ કરીને બ્રાન્ચને સતત બે વર્ષથી પ્રોફિટમાં લાવવા બદલ મહિલા સ્ટાફ અને યંગ યુવા ટીમને ધન્યવાદ પાઠવ્યા હતા.

આ ભવ્ય અવસરે પ્રભારી ડિરેક્ટર શ્રી હરેશભાઈ ઠક્કરે ગાંધીનગર શાખાની પ્રગતિને બિરદાવતા જણાવ્યું હતું કે, 'ગુડા' (ર્ંઙ્ઘછ) ની લોન આપનારી આ એકમાત્ર બ્રાન્ચ છે જે ખરેખર અભિનંદનને પાત્ર છે. તેમણે નાની શરૂઆતથી લઈને આજની વિશાળ પ્રગતિનો યશ સ્ટાફ અને ખાસ કરીને મહિલા સ્ટાફને આપતા ગર્વભેર ઉમેર્યું કે તેમની ત્રણેય બ્રાન્ચના હેડ મહિલાઓ છે જે ખૂબ જ ઉત્કૃષ્ટ સંચાલન કરી રહી છે. પ્રભારી ડિરેક્ટર શ્રી મુરબ્બી વડીલ સુરેન્દ્રભાઈ પટેલે પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે પવિત્ર પુરુષોત્તમ માસમાં થયેલા આ શુભ કાર્યનું ઉત્તમ ફળ મળશે અને આગામી દિવસોમાં બ્રાન્ચ ઉત્તરોત્તર વધુ પ્રગતિ કરશે તેવી મંગલ કામના વ્યક્ત કરી સ્ટાફ અને સમિતિના સભ્યોને અભિનંદન આપ્યા હતા.

કાર્યક્રમમાં પાયાના પથ્થર તરીકે સેવા આપનાર નિવૃત્ત ઓફિસર શ્રી પ્રકાશભાઈ જોબનપુત્રા (વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી કોરોના કાળમાં પણ અવિરત સેવા આપવા બદલ) તેમજ સબ સ્ટાફ શ્રી પ્રદીપભાઈ ચુડાસમા અને જુનિયર એક્ઝિક્યુટિવ શ્રીમતી નીતાબેન અભંગીનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરાયું હતું. બ્રાન્ચમાં નવા જોઈન થયેલ જુનિયર એક્ઝિક્યુટિવ્સ શ્રી વિજય મકવાણા, ૨??કિ મોકરીયા અને વિધિબેન પટેલની પરિચય વિધિ સાથે સન્માન કરાયું હતું. આ ઉપરાંત બ્રાન્ચની પ્રગતિમાં અનેરું યોગદાન આપનાર હાલના સ્ટાફ મિત્રો કેતનભાઈ કાપડિયા, કરણ વાઘેલા, સેજલબેન તિવારી, ઊર્મિ મેવાડા અને નિશીથ ધોળકિયાનું પ્રભારી ડિરેક્ટરશ્રીના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

## અંબાજી નજીક રાજસ્થાનમાં બે ટ્રકનો અકસ્માતઃ છાપરી-સુરપગલા વચ્ચે ટક્કર, કલાકો સુધી ટ્રાફિક જામ



અંબાજી નજીક રાજસ્થાનની હદમાં વહેલી સવારે બે હાઈવા ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. છાપરી અને સુરપગલા ગામ વચ્ચે બનેલી આ ઘટનાને કારણે કલાકો સુધી ચારથી પાંચ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ થયો હતો. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી.પ્રાથમિક માહિતી અનુસાર, બંને હાઈવા ટ્રક આબુરોડથી અંબાજી તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન એક ટ્રક પહાડ સાથે અથડાયો હતો, જ્યારે બીજો ટ્રક પ્રોડક્શન દિવાલ સાથે ટકરાયો હતો.અકસ્માતની જાણ થતાં જ રાજસ્થાન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ટ્રકોને હટાવવા માટે ક્રેન બોલાવવી પડી હતી. પોલીસની મદદથી ટ્રાફિકને પૂર્વવત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતાવહેલી સવારે બનેલી આ ઘટનાને કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, પોલીસ અને સ્થાનિક તંત્રના પ્રયાસોથી ધીમે ધીમે ટ્રાફિક હળવો થયો હતો.

## તલોદ તાલુકામાં પ્રિ મોન્સુન કામગીરીનું સુરસુરિયું

# પહેલા જ વાવાઝોડા અને વરસાદે સમીક્ષા બેઠકોની હવા કાઢી નાખી



રાજ્ય સહિત સાબરકાંઠા જિલ્લામાં આગામી ચોમાસાને ધ્યાનમાં લઈને જિલ્લા અને તાલુકા સ્તરે દર વર્ષની જેમ ચાલુ સાલે પણ પ્રિમોન્સુન કામગીરીની ઉચ્ચ અધિકારીઓ અને ડિઝાસ્ટરના અધિકારી કર્મચારીની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલ સમીક્ષા બેઠકોની અખબારોની ખબરો ની હજુ શાહી પણ સુકાઈ નથી ત્યાં તો મોસમના પહેલા જ વાવાઝોડા અને વરસાદે તંત્ર અને ડિઝાસ્ટરની પોલ ખોલી નાખી છે.માત્ર નજીવા વાવાઝોડા અને વરસાદ વચ્ચે ઠેક ઠેકાણે વીજ ફોલ્ટની સમસ્યા સર્જાતા ગત રાત્રીથી તલોદ તાલુકા પંથકના અનેક ગામોમાં વીજ પ્રવાહ ઠપ થઈ ગયો હતો.વિજળી સંલગ્ન ફરિયાદ નોંધાવવા માટે ઉપલબ્ધ કંમ્પ્લેન નંબરો પણ સ્વીચ ઓફ કરી દેવાતા વિજ ધારકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.સતત યેનકેન પ્રકારે ચર્ચામાં રહેતું તલોદ યુજીવીસીએલની કામગીરીથી નારાજ ગ્રાહકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. હજુ તો ચોમાસુ ઋતુની શરૂઆત છે આગળ ભારે વરસાદ દરમિયાન તો કેવી પરિસ્થિતિ સર્જાશે તેની કલ્પના માત્ર થી વીજધારકો અત્યાર થી ચિંતામાં મુકાયા છે. ત્યારે વીજ તંત્ર પણ નૈતિકતા દાખવી નિયમિત વીજ પુરવઠો પૂરો પાડવા યોગ્ય પગલાં લે તે સૌના હિતમાં લેખાશે...

**વિજ પ્રવાહ ડૂલ થતા બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી**

સામાન્ય વાવાઝોડા અને વરસાદ ને કારણે વિજ પ્રવાહ ડૂલ થઈ જતા નાના બાળકો અને વૃદ્ધો સહિત બિમાર દર્દીઓની હાલત દયનીય બની હતી..આ પ્રકારની સમસ્યા થી ત્રસ્ત અનેક દર્દીઓ ટેલિફોનિક ઉચ્ચ અધિકારીઓને ધ્યાન દોરવા છતાં ઉડાઉ જવાબ આપી આ કંમ્પલેન નંબર નથી.કંમ્પલેન નંબર ઉપર ફરિયાદ નોંધાવો નું રટણ ચાલુ રાખ્યું હતું.પરંતુ વિજ અધિકારીઓને એટલી હવા ભરાઇ ગઈ છે કે વિજ ધારકની સમસ્યા સાંભળવાને બદલે રૂલ્સ જણાવી ફરિયાદ સાંભળવાનું કે નિરાકરણ લાવવાનું ટાળી રહ્યા છે...

**કમ્પ્લેન નોંધાવો પણ કમ્પ્લેન નંબર જ સ્વીચ ઓફ - વીજ અધિકારી**

વીજ સમસ્યા મુદ્દે વીજ કચેરીના અધિકારીઓને જાણ કરવામાં આવે તો વીજ અધિકારીઓ હેલ્પલાઇન ઉપર કમ્પ્લેન નોંધાવવાનું જણાવે છે પરંતુ કમ્પ્લેન નંબર જ સવારના ૧૦ વાગ્યા સુધી બંધ આવતા વીજ ધારકો જાયે તો કહા જાયે તેવી સ્થિતિ વચ્ચે કાળજાળ ભરી ગરમીમાં મુશ્કેલીનો સામનો કરવા મજબૂર બન્યા હતા.

**પ્રિમોન્સૂનની કામગીરી માત્ર કાગળ ઉપર**

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં ડિઝાસ્ટર સહિત તંત્રની પ્રિ -મોન્સુનની કામગીરી માત્ર કાગળ ઉપર સહી સલામત હોવાનું ફલિત થઈ રહ્યું છે કારણ કે સામાન્ય નજીવા વાવાઝોડા અને વરસાદમાં જો અડધા તાલુકામાં અંધારપટ છવાઈ જતો હોય અને કલાકો સુધી વીજ પ્રવાહ કાર્યરત ન થતો હોય તો તંત્ર દ્વારા સમયાંતરે થતી મેન્ટેનન્સની કામગીરી અને પ્રિ-મોન્સુનની કામગીરી કેવું આયોજન અને કેવા પ્રકારની કામગીરી થતી હશે તેની કલ્પના કરવી રહી...




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:- 364**
વિષય:- શ્રેષ્ઠ / સર્વોત્તમ
શીર્ષક:- " પ્રેમની પ્યાસ"
પ્રકાર:પદ્ય શબ્દો:- ૧૩૬

હે પરમાત્મા, તમારા પવિત્ર પ્રેમની જ આ કવિને પ્યાસ છે,
મારાં જીવનની ડોર તું જ સંભાળશે એવી મને આશ છે.

તારાં પરમતત્ત્વનો મારાં જીવનમાં સદા સદાયે ઉજાસ છે,
દોરંગી દુનિયાની "સખલદખલ" તો મારે મન બાકવાસ છે.

તારી "શ્રેષ્ઠ"- કૃપાની વર્ષા છે તો પછી મન કેમ નિરાશ છે ?
તારો નઝારો તો ચોતરફ ફેલાયેલો, જાણે આકાશ છે !

કોઈ મારી લાગણીઓને સમજે ના સમજે, તું તો ખાસ છે,
સમજે તો ભલે અન્યથા, જાણે માખણમાં રહી ગયેલી છાશ છે.

જીવનનો આખરી શ્વાસ આવી જાય તો છેલ્લો તાસ છે,
મને ડર શાનો ? મારે તો રટણ તારું જ શ્વાસેશ્વાસ છે.

દુનિયાને સમજવું હોય તો સમજી જાય, નહીંતો નાશ છે,
નાસ્તિકતાના જ્વાળામુખી પર હર કોઈ છે, તો સર્વનાશ છે.

તને શોધવા ક્યાં ક્યાંય જવું પડે એમ છે ? તું તો આસપાસ છે,
"પંકજ"- મુજ કાન્હો સંગે છે મારી, મારે તો ખેલવો રાસ છે.

મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા ( ઉપલેટા )

★★★★★★

**NOGSS NO : 161**
વિષય : શ્રેષ્ઠ/સર્વોત્તમ
શિર્ષક : સ્વયંનો સ્વીકાર એટલે સર્વોત્તમ વિચાર
પ્રકાર : વિચાર લેખ શબ્દો : ૨૪૧

એકાંતે ચિત્તાલયમા વિચારવેલીને વીંટળાઈ જતાં વાર નથી લાગતી. અચાનક એક વિચારધારાએ અટકી જવાયું....સ્વજનોને કે મિત્રોને ઓળખવામાં અને સમજવામાં આખી જિંદગી વીતાવી દેવાય છે. અન્યની વિચારસરણીને અનુસરવામાં સ્વયંનો સ્વીકાર કરવો એ વખતે જરૂરી નથી લાગતું. સ્વયંના વિચારો કયા એ પણ કદાચ વિસરી જવાય છે. આમ ને આમ સ્વયંનો સ્વીકાર નથી કરી શકાતો.

સ્વયંનો સ્વીકાર એટલે એક પ્રકારનો આત્મવિશ્વાસ! જગત ભલે જે કહે તે, પરંતુ સ્વયંનો સ્વીકાર કરવો એટલે પોતાનામાં રહેલો વિશ્વાસ કેળવવો અને ટકાવવો. આત્મવિશ્વાસ એ એક પ્રકારની આંતરિક સુંદરતા તો છે જ પરંતુ બાહ્ય સુંદરતામાં પણ નિખાર લાવે છે. ગમે તેટલી સુંદર વ્યક્તિ હોય પરંતુ એનામાં આત્મવિશ્વાસનો અભાવ હોય ત્યારે તેની સુંદરતામાં ઓટ વર્તાઈ આવે છે.

અન્યને આકર્ષવામાં પણ સ્વયંનો સ્વીકાર અને આત્મવિશ્વાસ જ બહુ મોટો ભાગ ભજવે છે. આત્મવિશ્વાસના બળે જ સ્વયંનો સ્વીકાર શક્ય છે. અસ્થિર પગલાં હોય તો રસ્તો નથી જડતો.અડગ મનના માનવીને હિમાલય પણ નથી નડતો. સ્વયંના સ્વીકારથી મુખડા પર પણ એક તેજોમય લાલીમા પ્રવેશે છે જેનાથી સુંદરતામાં ઓર નિખાર આવે છે.

સવાલ એ થાય કે, આવો આત્મવિશ્વાસ લાવવો ક્યાંથી? તો જવાબ એ છે કે આત્મમંથન અને મનનથી! ઈશ્વરે દરેકને કોઈ ને કોઈ વિશિષ્ટ ગુણ અર્પેલા જ છે. એને સમજી,વિચારીને અને કેળવીને પોતાનામાં રહેલા ઐશ્વર્યને બળ આપવું જોઈએ. સ્વયંની આંતરિક અને બાહ્ય સુંદરતામાં દેખીતો વધારો થવાનો જ છે.
આમ, એટલું ચોક્કસ માની શકાય કે સ્વયંનો સ્વીકાર એ જ સર્વોત્તમ વિચાર એમ કહી શકાય. અસ્તુ!

ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)

★★★★★★

**NOG SS NO 166**
વિષય:-"શ્રેષ્ઠ /સર્વોત્તમ રચના"
શીર્ષક :- "ત્યાગ"
પ્રકાર : પદ્ય. શબ્દો:- ૯૬

જીવનમાં રહેલ મલિનતાનો મારે ત્યાગ કરવો છે.
મારામાં રહેલા અવગુણોનો મારે ત્યાગ કરવો છે.

આજ સુધી સૌની ઉપર કર્યા હતા જુલ્મ-સિતમ,
માનવતાની સેવા કરવા હવે મારે ત્યાગ કરવો છે.

કરેલ કર્મોનું મંથન કરવા મારૂ મન બન્યુ છે વ્યગ્ર,
નિર્મળ જીવન જીવવા માટે મારે ત્યાગ કરવો છે.

સમય બદલાઈ જતાં મારે માથે લાગ્યુ છે કલંક,
પ્રેમ દીપ પ્રગટાવવા નફરતનો મારે ત્યાગ કરવો છે.

આ તન માટીનું રમકડું તે સમજી ગયુ છે મારૂ મન,
ગુનાખોરીની દુનિયાનો હમેશા મારે ત્યાગ કરવો છે.

સૌને મુઠ્ઠીમાં રાખીને ખુદને શોધી રહ્યો છે "મુરલી",
ભક્તિ સરિતામાં ડૂબવા સૌનો મારે ત્યાગ કરવો છે.
રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★

ર્દ્ર જીજી ૨૦૫
વિષય:શ્રેષ્ટ સર્વોતમ
શિષેક :હુ અડગ મન નો માનવી
પ્રકાર :પધે શબ્દ :૨૦૦

હું અડગ મનનો માનવી, પુરુષાર્થ કરું આજ,
સાકાર થશે સપનું મારું, એવી છે મને આશ.
જીવનની એક કળી પર, સપનું નવું હું પાળું,
શ્રેષ્ઠ તેને બનાવવા, ધગશ સાથે સંભાળું.
નથી થવું કોઈની આગળ, નથી રહેવું પાછળ,
નાની-નાની વાતોમાં, ઉત્તમતાના ભાવ જગાડું.
જે મળે તેને જીવનમાં, પ્રેમ અને કરુણાનું સિંચન કરું,
બસ, હવે આ "પથિક"ને પરિણામની નથી કોઈ ચિંતા.
શ્રેષ્ઠ જીવન જીવીને હવે, સર્વોત્તમનો આનંદ માળું,
પુરુષાર્થના પથ પર, હું અડગ ડગલે આગળ વધું.
કવિઃ વિજયસિંહ બાબુભા ઝાલા (પથિક)
સ્થળ: હળવદ, ઢવાણા

★★★★★★

**NOG SS NO 167**
વિષય:"શ્રેષ્ઠ/સર્વોત્તમ"
શિર્ષક:"કંઈ સરળ નથી"
પ્રકાર:પદ્ય
શબ્દો:૮૭

શ્રેષ્ઠ-સર્વોત્તમ બનવું, એમ કંઈ સરળ નથી,
સર્વોત્તમ બન્યાં પછી, નીચું સ્થાન ગમતું નથી.
પર્વતની ટોચ દેખાય છે, સ્થાનથી તો નજીક,
કેડી કે પગથાર પણ, ક્યારે સીધી હોતી નથી.
ટોચનું સ્થાન હોય છે તો, હંમેશા એક જ માટે,
એકલાં જ દોડવું છે, કોઈનો સહકાર લેવો નથી.
શ્રેષ્ઠતા તો ત્યારે કહેવાય, જો વાણી સરળ હશે,
બાકી શ્રેષ્ઠતાના અભિમાનથી, કોઈ બચતું નથી.
હજારોમાંથી કોઈ એક ને જ તો, શ્રેષ્ઠતા વરે છે,
શ્રેષ્ઠતાની દોડમાં આજે જુઓ, હજારો મળે છે.
નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)

# FOR IMMEDIATE RELEASE"FOGA USA Successfully Hosts First-Ever National Gujarati Competition at the 2nd United Gujarati Convention 2026

**The Federation of Gujarati Associations of USA (FOGA USA) proudly celebrated the successful completion of the first-ever FOGA USA National Gujarati Competition, held as part of the 2nd United Gujarati Convention 2026 in Orlando, Florida, during Memorial Day Weekend, May 22–25, 2026."Modeled after the highly successful Gujarati Competition organized by the Gujarati Mandal of Central Ohio (GMOCO) since 2023, this pioneering national initiative was created with a simple yet powerful goal: to promote, preserve, and celebrate the Gujarati language among the next generation of Gujaratis growing up in the United States."More than 50 children and youth from across the United States participated in the competition, demonstrating remarkable proficiency in reading, writing, speaking, and appreciating the Gujarati language. At a time when maintaining heritage languages can be challenging, it is a matter of immense pride for the entire Gujarati community to witness children born and raised in America confidently expressing themselves in their ????????."Participants showcased their talents through:"????? (Essay Writing)"???????? (Public Speaking)"????? ????? (Poetry Recitation)"The competition topics were thoughtfully designed to inspire participants to explore family, Gujarati personalities, tourism, food, culture, and Bharat. It was particularly encouraging to see children and youth articulate their opinions through heartfelt Gujarati essays, vocalize their thoughts through Gujarati public speaking with confidence, and develop a meaningful connection with Gujarati ??????? through poetry. Their submissions demonstrated not only language skills but also a deep appreciation for Gujarati culture, history, values, traditions, customs, and cuisine."The National Gujarati Competition has provided a truly unique and unparalleled platform for the Gujarati language on a national stage. Through their creativity and expression, these young participants reminded us that Gujarati is not merely a language—it is a living connection to our heritage, identity, and shared cultural legacy."The exceptional talent uncovered through this inaugural competition exceeded all expectations. The passion, confidence, and linguistic ability demonstrated by the participants serve as a powerful reminder that the future of our ???????? remains bright in America."FOGA USA extends its heartfelt appreciation to all participants, parents, teachers, judges, volunteers, and community leaders who helped make this historic initiative**



**a success. Special recognition is also extended to the Gujarati Mandal of Central Ohio (GMOCO.org) for pioneering a successful model that inspired the creation of this national platform."?? ?? ???? ??????!"Event Photos and Graphics"https://photos.app.goo.gl/X8bfLsgQnCpThPyt6 "Quotes"Kahani Patel (participant): "My mandir, especially Bal Sabha, and my family inspires me to read, write and speak in Gujarati. This language helps me stay connected with my grandparents who don't speak English. It also helps me stay connected with many of our religious scriptures that are only in Gujarati. Also my mom always taught me we should never forget our roots, our culture regardless where we live""Kian Lakhani (participant): "Participating in the National Gujarati Competition was a very special experience for me. Speaking in Gujarati on the stage helped me feel more connected to our Gujarati language and culture. I feel proud to be part of a program that encourages kids like me to learn, speak, and celebrate Gujarati.""Manav Rao (participant): "I appreciated being part of an event celebrating Gujarati language and culture""Rupam Chokshi (competition coordinator): "It is wonderful that children and youth born and brought up in the USA can read, write, and speak in Gujarati and be able to express their thoughts in Gujarati.""About FOGA USA"The Federation of Gujarati Associations of USA (FOGA USA) is dedicated to promoting Gujarati culture, language, heritage, and unity among Gujarati communities across the United States. Through cultural, educational, and community initiatives, FOGA USA works to strengthen connections between generations and preserve the rich legacy of Gujarat for future generations.**

# ગિફ્ટ ક્યાં ક્યાં ન કરતાં?

'તમે અમારી વિરૂધ્ધ એસીબીનું છટકું ગોઠવ્યું છે
કે શું?એટલે અમને પેકેટ પકડાવ્યા છે, ખરૂં કે નહીં?' સૌએ ફફડીને સવાલ પૂછયો.બન્યું એવું કે એક આગતુંકે ઓફિસમાં જઈ દરેક ટેબલે એક એક પેકેટ પકડાવ્યું.

'ના, હું એસીબી એન્ટિ કરપ્શન બ્યુરોનો ઓફિસર નથી.' નવાગંતુકે જવાબ આપ્યો.

'તમે કોણ છો?' સૌએ એક અવાજે સવાલ પૂછયો. કર્મચારીની આંખમાં આશ્ચર્ય હતું.

'મારું નામ રઘુભાઈ છે. મારું હુલામણું નામ રઘલો છે.'રઘલાએ ઓળખ આપી.

'અત્યારે દિવાળી છે? સૌએ પાછો સવાલ પૂછયો.બધાના મગજ ચકરાઈ ગયેલ.

'ના, અરે હમણા તો અખા ત્રીજ ગઈ.' રઘલાએ જવાબ આપ્યો.

'તમને ખબર છે કે ઓફિસમાં લાંચ આપવી ગુનો ગણાય છે?' રિસેપ્શનિસ્ટ રૂચિ રૂપાળીએ પૂછયું.

'એ તો હું કે તમે ફરિયાદ કરીએ તો કાયદા મુજબ લાંચનો ગુનો બને.' રઘલાએ સફાઈ પેશ કરી.

'દિવાળીમાં અમે મિઠાઈ, ફટાકડા, સોનાના સિક્કા લઈએ છીએ.કેમ કે, અમે ગિફ્ટ પેકેટ ન લઈએ તો લોકો નારાજ થઈ જાય.બાકી અમે લાંચિયા કે ચાંચિયા નથી.'રૂચિએ સિધ્ધાંત સમજાવ્યો.

'એ તો વ્યવહારિક છે.' રઘલાએ સમર્થનનો સિક્કો માર્યો.

'દિવાળી સિવાય ગિફ્ટ પેકેટ ? નક્કી કોઈ ગરબડ ગોટાળા લાગે છે.'મેનેજર મનોજ મતલબીએ અનુમાન લગાવ્યું.

'તેનું એક કારણ છે.' રઘલાએ આંગળાના ટચાકા ફોડીને કહ્યું.

'અમને એ કારણ જાણવામાં રસ છે.' મનોજ મતલબીએ આતુરતાથી કહ્યું .

'હું જરૂર કારણ જણાવીશ.' રઘલાએ ટૂંકો જવાબ આપ્યો.એવામાં એક ઉંદરડો ટેબલ પર પડેલ કાગળ લઈને તેના દર તરફ ભાગ્યો.

'ક્યારે ?' મનોજે પૂછયું.

'તમારી ઓફિસમાં ચોપગા ઉંદરોનો ત્રાસ તો દેખાય છે. સાથોસાથ બે-પગવાળા પણ શોર મચાવતા હોય તેમ લાગે છે.' રઘલાએ કોમેન્ટ કરી. 'અમે ઉંદર ભગાડવા પેસ્ટિંગ કરાવીએ છીએ. છતાં ઉંદરોનો ત્રાસ બહુ છે.' રૂચિએ જવાબ આપ્યો.

'તમે લોકો શું ખાવ છો?' રઘલાએ નવો મોરચો ખોલ્યો.. કોઈ અરજદાર ઓફિસમાં આવી તો તેની અરજીનું શું થયું તેમ પૂછે ?પરંતું, સ્ટાફ શું આરોગે છે એમ પૂછે તેનો શો મતલબ કાઢવો?

'કેમ તમારે તેની સાથે શું લેવાદેવા છે?'મેનેજર મનોજ મતલબીએ પૂછયું. મનોજને મતલબ સિવાય કોઈની સાથે લેવાદેવા ન હતી. સ્ટાફ પીઠ પાછળ મનોજને મતલબી જ કહેતા.

'અમે રોટલી ખાઈએ છીએ.' શેફાલીએ ચાંપલાશ કરી.

'ઉહૂં નકામી આઈટમ ઝાપટો છો. તેનાથી..પ..' બાકીનું વાક્ય રઘલાએ અધૂરું છોડ્યું.

'અમે દાળભાત ઓરોગીએ છીએ.' સ્ટેનો સ્ટેલાએ સ્ટેપકટ વાળને ઝાટકો મારીને જવાબ આપ્યો.

'એ પણ વર્થલેસ ડીશ છે. તેનાથીપપ' રઘલાએ તેના વાક્યની અસર જોવા સ્ટેલા તરફ જોયું. સ્ટેલા ગૂંચવાયેલ.

'અયયો ,અમે ઈડલીસંભાર, મેંદુવડા, રસમ જમીએ છીએ.' ઐય્યરે ટિપિકલ સાઉથ ઈન્ડિયન ઉચ્ચારમાં ઉચ્ચારણ કર્યું.

'ઓહ નો. તેનાથી પપ.' રઘલાએ વાક્ય અધ્યાહાર રાખ્યું .

'અમે પાસ્તા, મેગી, સમોસા જમીએ છીએ.' તરંગે કહ્યું.

'ખલ્લાસ, સત્યાનાશ.તેનાથી પરઘલાએ રાડ પાડી પાડી.

'આ સવાલોનો કોઈ મતલબ ખરો?' મનોજે પૂછયું. 'સાહેબ, સવાલનો મતલબ છે એટલે જ મેં તમને લોકોને પૂછ્યા હતા.' રઘલાએ મંદ મંદ મુસ્તુરાતા કહ્યું.

'કેવી રીતે?' સૌએ આતુરતાથી પૂછયું. 'તમારી પાસે જે કાગળો, અરજીઓ આવે છે. તેનો સમયસર નિકાલ કરવાનો હોય તે યાદ હોય છે?' રઘલાએ મહત્વનો સવાલ કર્યો.

'હા, કેમ નહીં? ' સૌએ ખોંખારો ખાઈને કહ્યું. 'અબ ઉંટ આયા પહાડ કે નીચે.' રઘલો બબડ્યો . 'તમે શું બડબડયા ?' મનોજે હડબડાટમાં પૂછયું.

'કંઈ નહીં,મેં એક કામ માટે તમારી ઓફિસમાં અરજી કરેલી.' રઘલો તપ્યો.

'આ તમારી પહેલી અરજી છે?' રોમાએ કોમ્પ્યુટરમાં સર્ચ કરી પૂછયું.

'ના,મેડમ.મે નહીં નહીં તો દોઢસો વાર હસ્તલિખિત અરજી કરી છે.' રઘલાએ વ્યથા ઠાલવી .

'તો શું થયું? તમારો હાથ ભાંગી ગયો છે? એકસો એકાવનમી પાર અરજી કરી નાંખો .' રોમાએ ખભ્ભા ઉલાળી સલાહ આપી.

'તમે અરજી કરી હતી તેનો પુરાવો શું?' મનોજે પૂછયું.

'આ લો,ઓફિસકોપી. તેના પર અરજી સ્વીકાર્યોનો સિકકો લગાવેલ છે.' રધલાએ દોઢસો અરજીની નકલ દેખાડી.

'કયા કામ માટે અરજી કરેલ છે?' મનોજે નરમ થઈને પૂછયું.

'મેં એક મકાન ખરીદેલ છે. જેમાં નામ બદલવા બે વરસમાં દોઢસો અરજી કરી છે. મને તેનો જવાબ મળ્યો નથી. તમારે ત્યાં અરજી કચરાટોપલીમાં ધકેલવાની એસઓપી છે? કાં તો વજન મુકયા સિવાય અરજી દોડતી નથી.' રઘલાએ આક્ષેપ કર્યો.

'એવું નથી. તમારી ગેરસમજ થાય છે.' મનોજે લાળા ચાવ્યા .

'તો કેવું છે? મારી એક પણ અરજી કાચબા ગતિએ ચાલી નથી. મેં સ્ટાફને બદામનું પેકેટ કેમ ગિફ્ટ કર્યું તે તમારે જાણવું છે? રઘલાએ આખરી દાવ ખેલ્યો.

'હા, કેમ નહીં?' સૌ કોરસમાં બોલ્યા.

'તમને કંઈ યાદ રહેતું નથી.તમે અકકલકરો પણ ખાતા નથી.એટલે તમને અરજીની વિસ્મૃતિ થાય છે. નબળી યાદદાસ્ત સુધારવા તમને બદામના પેકેટ ગિફ્ટ કરેલ છે.' રઘલાએ પેકેટ આપવાનું કારણ જણાવ્યું .

કહે છે કે એક ચમત્કાર થઈ ગયો. રધલાએ પેકેટમાં આપેલ ત્રણ બદામ ખાતાવેંત જ સૌએ રઘલાનું કામ નિપટાવી દીધું. જોકે, રધલાના ખિસ્સામાં એકસો એકાવન, બાવન થી લઈ એક હજારમી અરજી તૈયાર હતી. ખાલી અરજી આપવાની જ વાર હતી.પ!

ભરત વૈષ્ણવ

# નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડતા ધાનેરાના પી.એસ.આઇ એસ.વી. ચૌધરી



બનાસકાંઠા એસ.પી ની સૂચનાથી અને ધાનેરાના પી.આઈ એસ.ડી .ચૌધરીની માર્ગદર્શન હેઠળ ધાનેરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ એસ વી. ચૌધરી ટીમ રાજ્યના અલગ અલગ વિભાગમાં ફરી આરોપીઓ પકડી પાડેલ છે જેવા કે ટીમ નંબર ૦૧ .પો.સ.ઈ એસ.વી.ચૌધરી ધાનેરા પોસ્ટે

ડીસા દક્ષિણ પોસ્ટે પ્રોહી ગુ.ર.નં ૯૭૫/૨૦૨૧ પ્રોહી કલમ ૬૫ એ.ઈ.૧૧૬ બી વિગેરે મુજબ ના ગુનાના કામના નાસતો ફરતો આરોપી રબારી ગણેશારામ ઉર્ફે ગણપત પીરારામ રહે સાતરૂ તાલુકો રાણીવાડા જી.જાલોર વાળાને આજ રોજ તારીખ ૦૨/૬/૨૦૨૬ ના રોજ તેના ઘરની બાજુમાં આવેલ ખેતરોમાંથી રાઉન્ડ અપ કરી ડીટેઈન કરેલ છે. આ બાબતે ડીસા દક્ષિણ પોસ્ટે આરોપીનો કબજો મેળવવા સારું જાણ કરવામાં આવેલ છે. બીજો આરોપીટીમ નંબર ૦૧ .પો.સ.ઈ એસ.વી.ચૌધરી ધાનેરા પોસ્ટે ધાનેરા પોસ્ટે પ્રોહી ગુ.ર.નં૦૫૯/૨૦૨૨ પ્રોહી કલમ ૬૫ એ.ઈ.૧૧૬ બી વિગેરે મુજબ ના ગુનાના કામના નાસતો ફરતો આરોપી ઠક્કર હિતેશકુમાર સતિષભાઈ મુળ રહે માણેજ તાલુકો.પેટલાદ ના વાળાને ઈન્દોર મધ્ય પ્રદેશ ખાતેથી ભાડાના મકાનમાં થી આજ રોજ તારીખ ૩૦/૫/૨૦૨૬ ના રોજ રાઉન્ડ અપ કરી ડીટેઈન કરેલ છે. અને આઝાદ નગર પોલીસ સ્ટેશન ઈન્દોર ખાતે લાવી ધાનેરા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવામાં આવેલ છે. આમ અલગ અલગ જગ્યાએથી આરોપીઓ પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે

# ડાંગ જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ તરીકે શ્રી રાજેશભાઈ ગામીતે પદભાર સંભાળ્યો: "પક્ષ-પાત અને ભેદભાવ ભૂલી માત્ર વિકાસના કાર્યોને પ્રાધાન્ય અપાશે"

ડાંગ જિલ્લા પંચાયત ભવન ખાતે આજે એક ગરિમાપૂર્ણ માહોલમાં નવનિયુક્ત જિલ્લા પ્રમુખ અને ઉપપ્રમુખનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ તરીકે શ્રી રાજેશભાઈ ગામીતે અને નવનિયુક્ત ઉપપ્રમુખે વિધિવત રીતે શપથ ગ્રહણ કરી પોતાનો પદભાર સંભાળ્યો હતો. શપથ ગ્રહણ બાદ મહાનુભાવો અને સ્થાનિક નાગરિકો દ્વારા નવનિયુક્ત પદાધિકારીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

?જિલ્લા પ્રમુખ તરીકેની ખુરશી સંભાળતાની સાથે જ શ્રી રાજેશભાઈ ગામીતે ડાંગ જિલ્લાના પ્રજાજનોના હિતમાં કામ કરવાની પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ઉપસ્થિત મેદની અને મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, જિલ્લાના તમામ પડતર પ્રશ્નોને વાચા આપવી અને તેનો ઝડપી નિકાલ લાવવો એ તેમની પ્રાથમિકતા રહેશે.

?×અમારો એક જ લક્ષ્ય છે – ડાંગનો સર્વાંગી વિકાસ. પ્રજાના કામો માટે જો રાજ્ય કક્ષાએ રજૂઆત કરવાની જરૂર પડશે તો રાજ્ય સરકાર સમક્ષ અને જો કેન્દ્ર કક્ષાનો વિષય હશે તો કેન્દ્ર સરકાર સુધી સચોટ રજૂઆત કરીને પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવશે.×

– શ્રી રાજેશભાઈ ગામીત (પ્રમુખ, ડાંગ જિલ્લા પંચાયત)

?તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, વહીવટમાં કોઈ પણ પ્રકારના ધર્મ, જ્ઞાતિ, ન્યાત-જાત કે રાજકીય પક્ષના ભેદભાવ રાખવામાં આવશે નહીં. પક્ષબાજીથી પર રહીને, માત્ર ને માત્ર 'વિકાસ'ને જ કેન્દ્રમાં રાખીને જિલ્લાના અંતરિયાળ વિસ્તારના લોકો સુધી સુવિધાઓ પહોંચાડવા માટે તેઓ રાત-દિવસ કામ કરશે તેવી ખાતરી તેમણે ડાંગની જનતાને આપી હતી.?આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્યો, વિવિધ સંગઠનોના હોદ્દેદારો, સરકારી અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહી નવનિયુક્ત પ્રમુખ અને ઉપપ્રમુખને ઉજ્જવળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



# જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા ધ્યાન પીન્ટુ ભાઈ કળથીયા ના સૌજન્યથી થી સ્લમ વિસ્તારમાં ચપ્પલ વિતરણ કરવામાં આવ્યું



જન સેવા અને સંસ્કાર નું સિંચન કરતી આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા વેલ્ફેર ફાઉન્ડેશન સ્લગ્ન સેવા સંસ્થા જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા ધ્યાન પીન્ટુ ભાઈ કળથીયા ના સૌજન્યથી તા.૩૧/૫/૨૬ ના રોજ "સેવા પરમો ધર્મ"ના ભાવ સાથે ઝૂંપડી પટ્ટી વિસ્તાર સબીહા હોસ્પિટલ સામે તથા કપલીધાર સંપ ની પાછળ ના વિસ્તાર માં બોટાદ ખાતે જરૂરિયાતમંદ અને શ્રમિક વર્ગના ભાઈઓ બહેનો તથા બાળકો ને ચપ્પલ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન અનેક લાભાર્થીઓને નિઃશુલ્ક ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ પ્રશાંત ભાઈ કળથીયા ,ફેડરેશન પૂર્વ પ્રમુખ કેતનભાઈ રોજેસરા, ફેડરેશન ઓફિસર સી.એલ.ભીકડીયા,પૂર્વ પ્રમુખ ચંદ્રકાંતભાઈ સાવલિયા, સેક્રેટરી દર્શનભાઈ પટેલ, વિજયભાઈ ઝીંઝુવાડીયા વગેરે ઉપસ્થિત રહયા હતાં.

# સુરતઃ માતાએ ૪ મહિનાના માસૂમ પુત્રને એસિડ પીવડાવી પોતે પણ ગટગટાવ્યું, બંનેના મોત



સુરતના સરથાણાના યોગીચોક પાસે આવેલી એક સોસાયટીમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતાએ પોતાના ૪ મહિનાના માસૂમ દીકરાને એસિડ પીવડાવી, બાદમાં પોતે પણ એસિડ પી લેતા માતા-પુત્ર બંનેના મોત નીપજયા છે. પ્રાથમિક માહિતી અનુસાર, બાળકના જન્મ (ડિલિવરી) બાદ માનસિક સ્થિતિ બગડતા મહિલાએ આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના ધારીના વતની અને હાલ સરથાણા યોગીચોક સ્થિત એવન હાઈટ્સમાં રહેતી ૨૯ વર્ષીય ધારાના લગ્ન આશરે દોઢ વર્ષ પહેલાં જ થયા હતા. ચાર મહિના પહેલાં જ તેણે એક માસૂમ દીકરા રીશાનને જન્મ આપ્યો હતો. ધારા છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતી હતી અને તેની તબીબી દવાઓ પણ ચાલી રહી હતી. બાળકના જન્મ બાદ તેની માનસિક સ્થિતિ બગડી ગઈ હતી. તેની સતત લથડતી તબિયતને કારણે પરિવાર પણ ભારે ચિંતામાં હતો. માનસિક તણાવ એટલો હદ સુધી વધી ગયો હતો કે છેલ્લા બે-ત્રણ દિવસથી ધારાએ જમવાનું પણ છોડી દીધું હતું અને તે ભારે ડિપ્રેશનમાં સરી પડી હતી.

પહેલી જૂનના રોજ સાંજના સમયે ધારા પોતાના ૪ મહિનાના માસૂમ દીકરાને એસિડ પીવડાવી દીધું અને ત્યારબાદ પોતે પણ એસિડ ગટગટાવી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને પરિવારજનો તાત્કાલિક દોડી આવ્યા હતા અને બંનેને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ માસૂમ બાળક અને માતા બંનેએ દમ તોડી દીધો હતો.

આ ઘટનાની જાણ થતાં જ સરથાણા પોલીસનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી આવ્યો હતો. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભારત-અમેરિકા કૃષિ સહકારને નવી દિશાઃ ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીના નેતૃત્વમાં મહત્વપૂર્ણ સંવાદ








ભારત અને અમેરિકા વચ્ચે કૃષિ ક્ષેત્રે પરસ્પર સહકારને વધુ મજબૂત બનાવવાના હેતુથી ઈફકો ના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણી ના નેતૃત્વ હેઠળ એક ઉચ્ચ સ્તરીય અને મહત્વપૂર્ણ સંવાદ યોજાયો છે. વોશિંગ્ટન ડી.સી. સ્થિત પ્રતિષ્ઠિત ઉદ્યોગ અને વેપાર સંસ્થા .S.-India Business Council (USIBC) દ્વારા શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ આવેલા PHDCCI પ્રતિનિધિમંડળનું ભવ્ય યજમાનપદ સ્વીકારવામાં આવ્યું હતું, જે આ બેઠકના વ્યાપક પ્રભાવને દર્શાવે છે.બેઠક પૂર્ણ થયા બાદ SIBC એ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા મંચ પર આ સંવાદને ભારત–અમેરિકા કૃષિ સહકારને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ પહેલ ગણાવી છે એ પોતાના સંદેશમાં ઉલ્લેખ કર્યો છે કે:

નવી ઊર્જા અને ગતિઃ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ થયેલા વિચારવિમર્શે બંને દેશો વચ્ચેના કૃષિ ક્ષેત્રના સહકારને નવી ઊર્જા અને ગતિ પ્રદાન કરી છે.સામૂહિક ઉકેલઃ આ ચર્ચાથી વૈશ્વિક કૃષિ ક્ષેત્રના સામૂહિક પડકારોના ઉકેલ શોધવા તથા ઉભરતી નવી તકો પર અર્થપૂર્ણ ચર્ચા માટેનો માર્ગ મોકળો થયો છે.મજબૂત ભાગીદારીઃ પરિષદે ખાસ કરીને નવીનતા આધારિત કૃષિ નીતિઓ, ટકાઉ કૃષિ વિકાસ, ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોની સમૃદ્ધિ માટે બંને દેશો વચ્ચે લાંબા ગાળાની ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.વૈશ્વિક મંચ પર ભારતીય ખેડૂતોનું મજબૂત પ્રતિનિધિત્વઅમેરિકાની અગ્રણી સંસ્થાઓ જેવી દ્વારા આ બેઠકને જાહેર રીતે વિશેષ મહત્વ આપવું એ બાબત સાબિત કરે છે કેઃ

ભારતીય સહકારી આંદોલનની વૈશ્વિક સ્વીકાર્યતા સતત વધી રહી છે.આંતરરાષ્ટ્રીય સ્તરે ઈફકોની પ્રતિષ્ઠા વધુ સુદ્રઢ બની છે.

શ્રી દિલીપ સંઘાણીના કુશળ નેતૃત્વ હેઠળ ભારતીય ખેડૂતોના હિતોને વૈશ્વિક મંચો પર અત્યંત અસરકારક રીતે રજૂ કરવામાં આવી રહ્યા છે. બેઠકના મુખ્ય ચર્ચાના મુદ્દાઓ

આ ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન બંને દેશોના કૃષિ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ પ્રતિનિધિઓ વચ્ચે નીચે મુજબના મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત ચર્ચા થઈ હતી અને પરસ્પર સહમતી સધાઈ હતી:કૃષિ ઉત્પાદકતાઃ પાકની ઉત્પાદકતા અને ગુણવત્તામાં વધારો કરવો.આધુનિક ટેકનોલોજીઃ અદ્યતન કૃષિ ટેકનોલોજી અને ડિજિટલ સાધનોનો વ્યાપ વધારવો.

જમીનનું આરોગ્યઃ સોઈલ હેલ્થ (જમીનની ફળદ્રુપતા) માં સુધારો કરવા મોના વૈજ્ઞાનિક ઉપાયો.

ટેકનિકલ સહાયઃ ખેડૂતોને પાયાના સ્તરે જરૂરી ટેકનિકલ માર્ગદર્શન અને સહાય પૂરી પાડવી.ખાદ્ય અને પોષણ સુરક્ષાઃ વૈશ્વિક સ્તરે અન્નની અછત નિવારવા અને પોષણ સુરક્ષાને વધુ મજબૂત બનાવવી.

બંને દેશોના પ્રતિનિધિઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભારત અને અમેરિકા વચ્ચેનો આ વધતો સહકાર કૃષિ ક્ષેત્રમાં નવી આશા અને તકોના દ્વાર ખોલશે, જેનો સીધો અને લાંબા ગાળાનો લાભ ધરતીપુત્રોને મળશે. શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ યોજાયેલ આ સંવાદ સહકારિતા આધારિત કૃષિ વિકાસને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવવા તથા ખેડૂતોની આવક, ઉત્પાદકતા અને કૃષિ સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક માઈલસ્ટોન સમાન સાબિત થશે.

# સેકટર-૮ ખાતે ગાંધીનગર મહાનગર ભાજપાના કાર્યાલયની મુલાકાત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ આજે સેકટર-૮ ખાતે ગાંધીનગર મહાનગર ભાજપાના નિર્માણાધીન નવીન કાર્યાલયની મુલાકાત લઈ તે સંદર્ભે જાણકારી મેળવી હતી તેમજ ઉપસ્થિત કાર્યકર્તાઓ સાથે હળવા અંદાજમાં સહજ સંવાદ કર્યો હતો. તેમણે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના આહ્વાન મુજબ યોગ્ય જતનના સંકલ્પ સાથે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય અને તેમાં ભાજપા સંગઠન વિશેષ રીતે યોગદાન આપે તેવી હાકલ કરી હતી. આ પ્રસંગે શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવેએ આકાર પામી રહેલા નવા કાર્યાલય અંગે શ્રી હર્ષભાઈ સંઘવીને વિવિધ માહિતી આપી હતી. મેયર શ્રીમતી મીરાબેન પટેલ સહિત કાર્યકરો આ વેળાએ ઉપસ્થિત રહ્યાં હતાં.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat